# અરવલ્લી જિલ્લા પંચાયતની ૮ બેઠકના અનામતમાં સુધારો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લા પંચાયતનું સીમાંકન અને અનામત બેઠકોની થોડા સમય અગાઉ ફાળવણી થઈ હતી. પરંતુ ચૂંટણીપંચ સમક્ષ રજૂઆતો થતાં જિલ્લાની ૩૦ પૈકી ૮ બેઠકોના અનામતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ફાળવવામાં આવેલ બેઠકોની જગ્યાએ સુધારો કરીને અનામતની ફાળવણી કરવામાં આવતાં આ બેઠકો પર ઉમેદવારોના સમીકરણો બદલાયા છે સાથે જ અત્યારથી જ ચૂંટણી લડવાની તૈયારી કરતા ઉમેદવારોની પણ બેઠકોમાં ફેરફાર થવાથી નિરાશ થવાનો વારો આવ્યો છે.

૫૦ ટકા મહિલા અનામતને ધ્યાને રાખી જિલ્લા પંચાયતોના સીમાંકન અને અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નિયમો ૧૯૯૪ની જોગવાઈ મુજબ ચૂંટણીપંચે કરી છે. આ વખતે અરવલ્લી જિલ્લામાં તો પ્રથમવાર જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાનાર હોય ૨૨માં બીજી ૮ બેઠકોનો વધારો કરવામાં આવ્યો હતો. આ ૩૦ બેઠકો પર સ્ત્રી અનામત, સામાન્ય, અનુ.જાતિ સામાન્ય અને સ્ત્રી, અનુ.આદિજાતિ સામાન્ય અને સ્ત્રી તેમજ સા. શૈ. પછાત વર્ગ સામાન્ય અને સ્ત્રી અનામતની ફાળવણી કરવામાં આવી હતી. જોકે ચૂંટણી આયોગે જાહેર જનતા પાસેથી સલાહસૂચન અને વાંધા મંગાવતા અરવલ્લી જિલ્લામાંથી કોંગ્રેસ તેમજ ભાજપાએ વાંધા રજૂ કર્યા હતા. જેમાં જિલ્લાની કેટલી અનામત બેઠકોમાં ફેરફાર કરવા માટે રજૂઆતો કરવામાં આવી હતી.

## જિલ્લા પંચાયતની અનામત બેઠકોમાં થયેલ ફેરફાર

| જિલ્લા પંચાયત બેઠક | અગાઉની અનામત | સુધારા સાથેની અનામત |
|---|---|---|
| ડેમાઈ | સામાન્ય સ્ત્રી | બિન અનામત સામાન્ય |
| ધનસુરા | સામાન્ય સાત્રી | બિન અનામત સામાન્ય |
| ઈન્દ્રાણ | સામાન્ય સ્ત્રી | બિન અનામત સામાન્ય |
| કુંડોલપાલ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી | અનુસૂચિત આદિજાતિ |
| મેઘરજ | બિન અનામત સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| મોટા કંથારીય | અનુસૂચિત આદિજાતિ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| રડોદરા | બિન અનામત સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| સાયરા | બિન અનામત સામાન્ય | સામાન્ય સ્ત્રી |



## મોડાસામાં સાંઈમંદિર નજીક એસ.ટી. બસની ટકકરે રાહદારીનું મોત

અરવલ્લી જીલ્લામાં અકસ્માતોની સંખ્યામાં દિવસે ને દિવસે વધારો થતો જાય છે. છેલ્લા ચાર દિવસની અંદર બે વ્યક્તિના મોત અકસ્માતને કારણે નીપજયા છે. ત્યારે આજરોજ સાજે ચાર વાગ્યાના સુમારે સંતરામપુર થી હિંમતનગર જઈ રહેલ એસ.ટી. બસની ટકકરે એક રાહદારીનુ મોત નીપજયુ હતુ. મોડાસા શહેરના માલપુર રોડ ઉપર આવેલ સાઈ મંદિર નજીક આજે સાંજે ચાર વાગ્યાના સુમારે પસાર થતાં ૩૦ વર્ષીય રાહદારી મોતથી બે ખબર થઈ પોતાના કામે જતો હતો. ત્યારે અચાનક પાછળથી પુરઝડપે આવી રહેલ સંતરામપુર હિંમતનગર એસ.ટી. બસ ના ડ્રાઈવરે પુરઝડપે અને ગફલતભરી રીતે ગાડી હંકારી રાહદારીને ઘટના સ્થળ ઉપર મોત નીપજાવ્યુ હતું. જે બનાવને લઈને રોડ ઉપર લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. ત્યારે આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ઘટના સ્થળે પહોચી મૃતદેહને કબજે લઈ ઓળખવિધિના પ્રયાસો હાથ ધર્યા બાદ મૃતદેહને પી.એમ. માટે મોકલી આપ્યો હતો. (તસવીર : સમીર બલોચ, મોડાસા)

# માલપુરની મહિલાનું સ્વાઈન ફલુથી મોત : જિલ્લામાં ફફડાટ

## આરોગ્ય વિભાગની બે ટીમો દ્વારા સર્વે હાથ ધરાયો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં શિયાળાની ઋતુમાં સ્વાઈનફલુ નામની મહામારી બિમારીએ ૧ ૩થી વધુ પ્રજાજનોનો ભોગ લીધો હતો. સ્વાઈનફલુએ જિલ્લામાં આતંક મચાવતા જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો. ચાર મહિનાના વિરામ બાદ ફરીથી અરવલ્લી જિલ્લાના માલપુર શહેરની ખાડીયાની રહીશ મહિલાને સ્વાઈન ફલુ ભરખી જતા માલપુર પંથક અને જિલ્લાના પ્રજાજનો ભયના ઓથાર હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા બે ટીમો બનાવી સર્વે હાથ ધરાયો.

માલપુરના ખાડીયા વિસ્તારમાં રહેતી દક્ષાબેન નર્મદાશંકર ભટ્ટ (ઉં.વ.૪૫)ને છેલ્લા એક સપ્તાહથી શરદી, ખાંસી, તાવના લક્ષણો જણાતા માલપુરમાં ખાનગી તબીબને ત્યાં પ્રાથમિક સારવાર લીધી હોવા છતાં રાહત ન જણાતાં મોડાસાની એક મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં આ મહિલાના પ્રાથમિક લક્ષણો સ્વાઈનફલુના જણાતા ફરજ પરના તબીબોએ મહિલાના પરિવારજનોને જણાવતાં તાબડતોડ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. અમદાવાદ સિવિલના તબીબોએ લક્ષણોના આધારે લેબોરેટરી પરિક્ષણ માટે લોહીના નમૂના મોકલી આપતા મહિલાને સ્વાઈનફલુ પોજેટીવ હોવાનું જાણવા મળ્યુ હતુ. સિવિલના તબીબોએ મહિલાની અદ્યતન સારવાર કરવા છતાં સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજ્યું હતું.



## પ્રાંતિજમાં મહિલા બાળ પોષણ જાગૃતિ અન્વયે રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે તાલુકા મથક પ્રાંતિજ ખાતે મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ ભાગરૂપે કુપોષણ જાગૃતિ રેલી નીકળી હતી. પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ તાલુકા પંચાયતથી સી.ડી.પી.ઓ. દક્ષાબેનના અધ્યક્ષ સ્થાને મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે પ્રાંતિજ ખાતે આંગણવાડી કાર્યકરો તથા તેડાઘર કાર્યકરો બહેનો દ્વારા સૂત્રોચ્ચાર સાથે વિશાળ રેલી ભાંખરીયા બસસ્ટેન્ડ સુધી નીકળી હતી. જેમાં ૨૧૮ આંગણવાડી કાર્યકરો તથા ૨૧૮ તેડાઘર બહેનો જોડાઈ હતી. જ્યારે રવિભાઈ કહાર, સુપરવાઈઝરો, કોડીનેટર સહિત આરોગ્ય સ્ટાફ પણ જોડાયો હતો. **(સંજય રાવલ, પ્રાંતિજ)**

# ખેડબ્રહ્મામાં નવીન સિવિલ હોસ્પિટલના મકાનનું લોકાર્પણ

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મામાં બનાવવામાં આવેલ નવીન સિવિલ હોસ્પિટલના મકાનનો રવિવારે લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સિવિલ હોસ્પિટલના મકાનનું લોકાર્પણ તથા આરડેકતા એન્જી. કોલેજ ખાતે યોજાનાર સમારંભમાં ચાર તાલુકામાં જંગલની જમીનની અપાનાર સનદો પૈકી ૧૦ આદિવાસીઓને સનદો મુખ્યમંત્રીના હસ્તે આપવામાં આવશે. આ પ્રસંગે સરકારના અન્ય ત્રણ મંત્રીઓ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

ખેડબ્રહ્મામાં અદ્યતન સુવિધાઓવાળુ રૂ. ૯ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ સિવિલ હોસ્પિટલના નવીન મકાનનું રવિવારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત મેત્રાલ સ્થિત આરડેકતા એન્જીનીયરીંગ કોલેજમાં સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાર તાલુકામાં જંગલની જમીન ખેડતા આદીવાસીઓને વન મંડળીઓ અંતર્ગત એફ.આર.સી. મુજબ ૧૦ આદિવાસીઓને સનદો પણ આપવામાં આવશે. આ પ્રસંગે મંત્રી નીતિનભાઈ પટેલ, રમણલાલ વોરા અને રજનીભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. સમારંભની તૈયારીઓ માટે માર્ગ-મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ડી.એમ. પટેલ, એસ.ઓ. એલ.આર. પટેલ અને આર.ડી. ધ્રુવ ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે.

# એક્સપાયરી ડેટની દવા પ્રકરણમાં સંજીવની મેડીકલને શૉકોઝ નોટિસ

મોડાસા, તા. ૧૪

મોડાસા ખાતે આવેલ સંજીવની મેડીકલ સ્ટોરમાંથી દર્દીને એક્સપાયરી ડેટ દવા અપાઈ હોવાની ફરિયાદ ઉઠી હતી. જેના પગલે ફુડ એન્ડ ડ્રગ વિભાગે તપાસ હાથ ધરતાં મેડીકલ સ્ટોરના માલિક દ્વારા વેચાણ કરેલ દવાના બિલો બનાવવામાં ન આવતા હોવાની ગંભીર ગેરરીતિ તંત્રના ધ્યાને આવી હતી. જેના પગલે મેડીકલ સ્ટોરને શૉકોઝ નોટીસ ફટકારી ૭ દિવસમાં ખુલાસો કરવા તાકીદ કરવામાં આવી છે. બીજી બાજુ એક્સપાયરી ડેટની દવા ક્યાંથી આવી તે માટે અમદાવાદ સુધી તપાસ લંબાવાઈ છે.




મોડાસાના ડીપ વિસ્તારમાં આવેલ સંજીવની હોસ્પિટલમાં ચાલતા સંજીવની મેડીકલ સ્ટોરમાંથી સારવાર લઈ રહેલ દર્દીને એક્સપાયરી ડેટ દવા અપાઈ હોવાની દર્દીના સગાએ ફરિયાદ ઉઠાવી હતી. આ મુદ્દે હોબાળો મચી જતાં પોલીસ દોડી આવી હતી અને આખીએ ઘટનાની તપાસ ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. ફુડ ઈન્સ્પેક્ટર કૃણાલભાઈ પરમારે સંજીવની મેડીકલ સ્ટોરમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી એક્સપાયરી ડેટની દવા ક્યાંથી આવી તે જાણવા સ્ટોકીસ્ટો અને હોલસેલરો સુધી તાર લંબાવ્યા છે. દરમિયાન તપાસમાં સંજીવની મેડીકલ સ્ટોર દ્વારા કેટલીક દવાઓના વેચાણના બિલો બનાવાતા ન હોવાનું બહાર આવ્યું હતું.

જેના પગલે સંજીવની મેડીકલ સ્ટોરના માલિક જિતેન્દ્રભાઈ કાળીદાસ પ્રજાપતિ અને મનોજભાઈ છનાલાલ ગુર્જરને ફુડ એન્ડ ડ્રગ વિભાગે શૉકોઝ નોટીસ ફટકારી છે. આ અંગે ફુડ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, મેડીકલ સ્ટોરમાં તપાસ દરમિયાન બિલોની કાર્બન કોપી રાખવામાં આવતી ન હતી. જ્યારે દવાઓના વેચાણનું રજીસ્ટર નિભાવવામાં આવતું ન હતું જેવી અનેક ગેરરીતિઓ બહાર આવી છે. જેના પગલે મેડીકલ સ્ટોરને શૉકોઝ નોટીસ આપી ૭ દિવસમાં યોગ્ય ખુલાસો કરવા તાકીદ કરવામાં આવી છે. જો ખુલાસો સંતોષકારક નહીં જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા એક્સપાયરી ડેટની દવાની તપાસ માટે અમદાવાદના સ્ટોકીસ્ટો પાસેથી બિલો એકત્ર કરવામાં આવ્યા છે. આ માટે અમદાવાદ પુડ વિભાગના ઈન્સ્પેક્ટરોની પણ મદદ લેવાઈ છે. **(સમીર બલોચ, મોડાસા)**

# જાયન્ટ્સ ગ્રુપ માલપુર દ્વારા વૃક્ષોરાપણ અને વનભોજનનો કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના માલપુરમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ માલપુર દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શુક્રવારના રોજ માલપુર જાયન્ટ્સ ગ્રુપ દ્વારા માલપુરના અંતિમધામમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને માલપુરના પ્રજાજનોનું વનભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણ બચાવો વૃક્ષ વાવોની જાહેરાત વારંવાર કરવામાં આવે છે. અને ગુજરાત રાજ્યને ગ્રીન રાજ્ય બનાવવા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. ત્યારે જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુર દ્વારા માલપુર ગામના સ્મશાનની આજુબાજુ વનઔષધી, બીલીપત્ર તેમજ ગરમીથી રાહત આપતા અનેક વૃક્ષો વાવીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિનો હોઈ માલપુરના દક્ષેશ્વર મહાદેવ ખાતે માલપુરના ડેપ્યુટી સરપંચ હાલાજી વણઝારા દ્વારા વનભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માલપુરના ૩૦૦ જેટલા પ્રજાજનોએ વનભોજનનો આનંદ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ફેડરેશન થ્રીસીના ઉપપ્રમુખ નિલેષભાઈ જોષી, જાણીતા સાહિત્યકાર ડૉ. સંતોષ દેવકર, ડાયરેક્ટર અને માલપુર કોંગ્રેસ પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ (ચકાચકબાપુ), કોંગ્રેસ જિલ્લા પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ, માલપુર જાયન્ટસગ્રુપ પ્રમુખ રમેશભાઈ સોની, હાલાજી વણઝારા, વીઠ્ઠલભાઈ પટેલ, અનિરૂદ્ધસિંહ તેમજ ગ્રુપ મેમ્બર હાજર રહ્યા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)



(તસવીર : જય અમીન, મોડાસા)

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાં ધાર્મિક વ્રત અને પર્વોની પણ ઉજવણી શરૂ થઈ ગઈ છે. શ્રાવણ માસ પહેલું પર્વ એટલે દશામાનું વ્રત. ખાસ કરી મહિલાઓમાં આ વ્રતને લઈ ઘણો ઉત્સાહ જોવા મળે છે અને દિવાસાના દિવસે દશામાની સાંઢણીની શ્રધ્ધા અને ભાવપૂર્વક સ્થાપના કરી દસ દિવસ સુધી દરરોજ પૂજા-અર્ચના અને ઉપવાસ કરી પોતાની અને પોતાના પરિવારની દશા સુધારવા માટે પુર્વક ઉજવણી કરે છે.

# જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની તૈયારી : કોંગ્રેસ દ્વારા બેઠક યોજાઈ

મોડાસા, તા.૧૪

અરવલ્લી જીલ્લાના મોડાસાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં જયારે જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીનું રણસીંગુ ફુકાઈ ગયું છે. ત્યારે સૌ પક્ષો હરકતમાં આવી ગયા છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા મોડાસાની સહકારી જીનમાં કોંગ્રેસનાં કાર્યકરો તથા અગ્રણીઓની એક મીટીંગ મળી હતી.

મોડાસાની સહકારી જીન ખાતે કોંગ્રેસ કમીટીની બેઠક યોજાઈ હતી. જેમાં વિધાનસભાના દંડક બળવંતસિંહ રાજપુત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ લખાભાઈ ભરવાડ, ઉત્તર ઝોન પ્રભારી ગોપાલિસંહ રાઠોડ તેમજ લક્ષ્મીબેન, બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ભીલોડા ધારાસભ્ય અનીલ જોષીયારા અને મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર જેવા કોંગ્રેસના ઉપલા લેવલના રાજકારણીઓ હાજર રહયા હતા. જયારે તેની સાથે અરવલ્લી જીલ્લાના પ્રદેશ મહામંત્રી અરુણભાઈ પટેલ, તથા જીલ્લાના પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ અને કોંગ્રેસના જીલ્લાના કાર્યકર્તાઓની જીલ્લા લેવલની બેઠક મળી હતી. જેમાં આગામી સમયમાં આવી રહેલી જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને પાલિકા લેવલની ચુંટણી માટે કોંગ્રેસના ૩૦ જેટલા ઓબ્જર્વની નિમણુક કરવામાં આવી હતી અને કોંગ્રેસને આગામી ચુંટણીમાં વિજય બનાવવા માટે કોંગ્રેસના અગ્રણીઓ તથા કાર્યકરો દ્વારા વ્યુહ શરુ કરી દેવાયા છે. આગામી સમયમાં અરવલ્લી જીલ્લા, તાલુકા અને પાલિકાની ચુંટણીઓમાં કોંગ્રેસ કોઈ પણ જાતનું રીસ્ક લેવા માટે તૈયાર નથી ત્યારે અત્યારથી જ તેની વ્યુહ રચનાઓ બનાવવાની શરુ કરી દીધી છે. ત્યારે જોવાનું એ રહે છે કે આ ચક્રવ્યુહ આગામી ચુંટણીઓમાંથી કોંગ્રેસને કઈ રીતે બહાર લાવે છે એ આવનાર સમય જ બતાવશે. **(સમીર બલોચ, મોડાસા)**




# આજે ગાંધીનગર શહેર ખાતે ગૌશાળા પાંજરાપોળ સ્વાવલંબન કાર્યશાળા

ગાંધીનગર, તા.૧૪

આગામી ૧૬ ઓગષ્ટ, ૨૦૧૫ રવિવારના રોજ ગાંધીનગરના સેકટર-૨૩ના કડી સર્વ વિદ્યાલયના કેમ્પસમાં આવેલ નાથીબા કોમર્સ કોલેજના ખીમજી વિશ્રામ હોલમાં ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગુજરાતના નેજા હેઠળ, શ્રી ગુજરાત રાજય ગૌશાળા-પાંજરાપોળ સંઘ-ગાંધીનગર, સમસ્ત મહાજન-મુંબઈ અને ઈન્દુલાલ યાજ્ઞિક ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક પોલીસી અને સ્ટ્રેટેજીસ-આણંદના સંયુકત ઉપક્રમે ગૌશાળા-પાંજરાપોળ વ્યવસ્થાપક મંડળો, ગોપાલકો, માલધારીઓ તેમજ ગૌસેવા, ગોપાલન, ગૌસંવર્ધન અને પંચગવ્ય ઉત્પાદન વગેરેમાં રસ ધરાવતા સૌ માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રેષ્ઠ ગોપાલન દ્વારા વ્યકિત, કુટુંબ-ટ્રસ્ટ-ધર્માદા સંસ્થાઓ સંચાલિત ગૌશાળા-પાંજરાપોળો સ્વનિર્ભર બને, આવકનું સાધન વધે અને આર્થિક ઉન્નતિ સાધે તેવા ઉદ્દેશ્યથી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા વિવિધ વિષયોના તજજ્ઞોના વકતવ્યોનું જુદા જુદા સત્રો સાથે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનારનું ઉદઘાટન ગુજરાત રાજયના માન. રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના વરદ હસ્તે ૧૬ ઓગષ્ટના રોજ સવારે ૯.૩૦ કલાકે ગૌપૂજન અને દીપ પ્રાગટય દ્વારા થશે. બાદમાં દેશભરમાંથી આમંત્રિત તજજ્ઞો દ્વારા ગૌશાળા-પાંજરાપોળમાં ટેકનોલોજીનો ઉપયોગ, શ્રેષ્ઠ પારદર્શક વહીવટ, ગૌશાળાની સ્વચ્છતા, વિવિધ વિભાગો, ગૌસંવર્ધન, ગૌચર વિચાર, એગ્રો ફોરેસ્ટ્રી, પંચગવ્ય ઉત્પાદન, બાયો પેસ્ટીસાઈડસ અને બાટોફર્ટીલાઈઝર, બાયોગેસ, ઈલેકટ્રીસીટી વગેરે વિષયો પર પોતાના વકતવ્યો રજુ કરશે અને ગૌશાળા-પાંજરાપોળોના પ્રાણ પ્રશ્નોની ચર્ચા થશે.

સેમિનારને ભારત સરકારના કૃષિ રાજયમંત્રીશ્રી મોહનભાઈ કુંડારીયા, ગુજરાત રાજયના પશુપાલન અને કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરિયા, ગૌસંવર્ધન મંત્રીશ્રી તારાચંદભાઈ છેડા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

આ સેમિનારને સફળ બનાવવા માટે બોર્ડના અધ્યક્ષશ્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા, ઉપાધ્યક્ષશ્રી ચૈતન્ય શંભુ મહારાજ બોર્ડના ડાયરેકટર સર્વશ્રી આચાર્ય ઘનશ્યામજી, શ્રી સત્યજીત ખાચર, શ્રીગોપાલ સુતરીયા, સંઘના શ્રી કે.પી. શાસ્ત્રી, સ્વામી શ્રી બી.કે. આહિર શ્રી જયંતિભાઈ દોશી, શ્રી વિનુભાઈ કંટારીયા, ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, અધિકારીશ્રી ડૉ. કિશોર પટેલ, ડૉ. જે.વી. નાડોધા, ડૉ. એલ.આર. વોરા, શ્રી જે.એ. મનસુરી, શ્રી બાબુભાઈ પટેલ, શ્રી મનોજ શુકલ, ડૉ. બી.કે. પટેલ તેમજ વગેરે મહાનુભાવો સહિત અધિકારીઓની ટીમ કાર્યરત છે.


## જાહેરાત

## ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષાઋતુ દરમિયાન ઝુંબેશ સ્વરૂપે સઘન સફાઈ કામગીરી માટે દૈનિક રોજમદાર કામદારોની જરૂરિયાત હોઈ આ કામગીરી માટે ઈચ્છુક વ્યક્તિઓએ નીચે મુજબની સુચના અનુસારના લાયકાતો ધરાવતા હોય તેમણે અરજી સાથે તા. ૧૭/૮/૨૦૧૫ના રોજ સમય ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે હાજર થવાનું રહેશે. ગાંધીનગર રહેતી વ્યક્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

| સંખ્યા | કામગીરી |
|---|---|
| ૧૭૮ | સફાઈ કામદારો |
| ૧૦ | માળી કામના જાણકાર |
| ૧૨ | કંમ્પોસ્ટીંગની કામગીરી |

૧. ઉંમર ૧૮થી ૩૦ વર્ષ સુધી અને તમામ પ્રકારની કામગીરી કરવા સશક્ત
૨. ઓછામાં ઓછું ધોરણ-૮ સુધી ભણેલ.
૩. સફાઈ તથા ઉપરોક્ત વિષય અંગેની તમામ પ્રકારની કામગીરી કરવા માટે ઈચ્છુક હોય તેવા.
૪. સાથે લાવવાના પુરાવા
   ૧. સ્કુલ લીવીંગ સર્ટીફિકેટની નકલ.
   ૨. ચૂંટણી કાર્ડની નકલ
   ૩. રહેઠાણના પુરાવાની નકલ.
   ૪. બેંક ખાતા નંબર

**સરનામું :**
**ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી**
**બહુમાળી મકાન, સેક્ટર-૧૧,**
**બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર**

**સહી/-**
**મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
માહિતી/૧૧૮૯/૨૦૧૫-૧૬


## નવજાત બાળકી મળી

મેઘરજ તાલુકાના કોલુન્દ્રા-મહુડી સીમમાં નવજાત જન્મેલી બાળકી બિનવારસી હાલતમાં પડેલી જોવા મળતાં આ ઘટનાની જાણ આજુબાજુના ગામડાઓમાં થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. નવજાત બાળકીને ત્યજી દેતા આવુ અધમ કૃત્ય કરનાર શખ્સો સામે ફીટકાર વરસાવતા નજરે પડ્યા હતા. લોકોને ૧૦૮ને ફોન કરી જાણ કરતાં ત્યજી દેવાયેલી બાળકીને મેઘરજની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

## રાષ્ટ્રપતિ ચંદ્રક

● અનુસંધાન પહેલાનું ચાલુ

એએસઆઈ એચ.સી. રાવલ, સુરત શહેર ડીસીબી એએસઆઈ એચ.સી. રાવલ, સુરત શહેર ડી.સી.બી. એ.એસ.આઈ. એમ.એચ. પટેલ, સુરેન્દ્રનગર મહિલા એએસઆઈ મનુબા આર. પરમાર, એસઆરપી ગ્રુપ-૬ એઅસઆઈ પી.એમ. પરમાર, આઈજીપી કચેરી રેલવે ગાંધીનગર હેડ કોન્સ્ટેબલ પ્રવિણસિંહ સોલંકી, રાજકોટ એસઆરપી ગ્રુપ-૧૩ કોન્સ્ટેબલ પ્રવિણચંદ્ર વી. વાઘેલા, ગાંધીનગર આઈ.બી. આઈ.ઓ. બાબુભા એચ. પરમાર, સુરેશકુમાર એન. વાળા અને જગદીશભાઈ ટી. કાસુન્દ્રા મળીને ૧૭ પોલીસ અધિકારી કર્મચારીઓને પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાત કરવામાં આવી છે. રાજય પોલીસ વડા પી.સી. ઠાકુરે તમામ રાષ્ટ્રપતિ ચંદ્રક મેડલ મેળવનાર પોલીસ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.